પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૨ | ૩ જાન્યુઆરી, ૨૦૨૨, સોમવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ઓમિક્રોન ખૂણે ખૂણે પહોંચશે

**ઓમિક્રોનને લઇને વિદેશી વૈજ્ઞાનિકનો મોટો દાવો : ઇન્ડિયા કોવિડ-૧૯ ટ્રેકરનો રિપોર્ટ દર્શાવે છે કે નવા કેસોમાં વધારો થવાનો દર ૧૫ રાજ્યોમાં ચિંતાનો વિષય**



નવી દિલ્હી, તા.૨

ગયા વર્ષ ૨૦૨૦ની જેમ સમગ્ર દેશમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. ઓમિક્રોને (દ્વિષ્ઠહિ) પણ ઘણા રાજ્યોમાં પોતાનો પગપેસારો કરી લીધો છે. એવામાં ઓમિક્રોન અને ભારતને લઈને ચિંતાજનક સમાચાર આવ્યા છે. જોકે કોરોનાને લઈને પહેલાં પણ ભારતને એલર્ટ કરી ચૂકેલા કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે જોડાયેલા જજ બિઝનેસ સ્કૂલના પ્રોફેસર પોલ કટ્ટુમને કહ્યું છે કે ભારતનું એક પણ રાજ્ય અને ખૂણો આ ઓમિક્રોનની લહેરથી બચશે નહી.

કેમ્બ્રિજ યુનિવર્સિટી અને યુકેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ દ્વારા વિકસિત ઈન્ડિયા કોવિડ-૧૯ ટ્રેકરનો તાજેતરનો રિપોર્ટ દર્શાવે છે કે નવા કેસોમાં વધારો થવાનો દર ૧૫ રાજ્યોમાં ચિંતાનો વિષય છે.

આ રિપોર્ટ દર્શાવે છે કે ૨૯ ડિસેમ્બર સુધી બિહાર, છત્તીસગઢ, દિલ્હી, ગોવા, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ત્રિપુરા, ઉત્તર પ્રદેશમાં કોરોના પોઝિટીવીટી રેટ ૧.૨ ટકાને વટાવી ગયો છે. પોલ કટ્ટુમન અને તેમની રીસર્ચ ટીમ સમગ્ર ભારતમાં સંક્રમણની ગતિ પર નજર રાખી રહી છે. કટ્ટુમન કહે છે કે ૨૫ ડિસેમ્બર પહેલા

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૨૭,૫૫૩ નવા કેસ નોંધાયા

**ઓમિક્રોનના કુલ કેસ ૧૫૨૫ થયા છે : દેશમાં અત્યાર સુધીમાં ૧૪૫,૪૪,૧૩,૦૦૫ લોકોનું રસીકરણ થયું છે**

નવી દિલ્હી, તા.૨

ભારતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. જેના કારણે ફરી એક વખત ચિંતાનો માહોલ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૨૭,૫૫૩ નવા કેસ નોંધાયા છે અને ૨૮૪ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧,૨૨,૮૦૧ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૮ ટકાથી વધારે છે. ઓમિક્રોનના કુલ કેસ ૧૫૨૫ થયા છે. ૧ જાન્યુઆરીએ ૨૨,૭૭૫ નવા કેસ નોંધાયા હતા અને ૪૦૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. દેશમાં અત્યાર સુધીમાં ૧૪૫,૪૪,૧૩,૦૦૫ લોકોનું રસીકરણ થયું છે. જેમાંથી ૨૫,૭૫,૨૨૫ ડોઝ ગઈકાલે આપવામાં આવ્યા હતા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના જણાવ્યા મુજબ દેશમાં ૨૪ કલાકમાં ૧૧,૧૦,૮૫૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં કોરોનાની સ્થિતિ જોઈએ તો કુલ કેસ ૩ કરોડ ૪૮ લાખ ૮૯ હજાર ૧૩૨ નોંધાયા છે. કેસ ડિસ્ચાર્જની સંખ્યા ૩ કરોડ ૪૨ લાખ ૮૪ હજાર ૫૬૧ થઈ છે. જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ૧ લાખ ૨૨ હજાર ૮૦૧ થઈ ગઈ છે. કુલ મૃત્યુઆંક ૪ લાખ ૮૧ હજાર ૭૭૦ ઉપર પહોંચ્યો છે.

# નિષ્ણાતોના મતે આ કોરોના વાયરસના કાળનો અંત છે

**ઓમિક્રોન થાય તો ડરશો નહી : તમને શરદી અને તાવ આવે અને તમે સામાન્ય દવા કરો તે જ પ્રકારે ઓમિક્રોનની દવા કરવાથી તે મટી જાય છે**

અમદાવાદ, તા.૨

દેશમાં ઓમિક્રૉન વેરિયન્ટ અંગેનાં કેસ વધી રહ્યા છે. જેના કારણે નાગરિકોમાં ફરી એકવાર કોરોનાના બીજા વેવમાં જે સ્થિતિ સર્જાઇ હતી તેવી સ્થિતિ સર્જાશે તેવી આશંકાને કારણે નાગરિકો ગભરાઈ પણ રહ્યા છે. જો કે નિષ્ણાંતો તેનાથી કંઈક અલગ જ મંતવ્ય ધરાવે છે. નિષ્ણાંતોના મતે ઓમિક્રોન કોરોનાની વિભિષિકાનો અંતિમ પડાવ છે. આ વાયરસ જરા પણ ઘાતક નથી. તમને શરદી અને તાવ આવે અને તમે સામાન્ય દવા કરો તે જ પ્રકારે ઓમિક્રોનની દવા કરવાથી તે મટી જાય છે. આ ઉપરાંત ઓમિક્રોન હવે કોરોનાનો અંતિમ પડાવ છે.

નિષ્ણાંતોના મતે દેશમાં જેટલા પણ ઓમિક્રોનનાં કેસ સામે આવ્યા છે, તેમાં મોટા ભાગનાં લોકોમાં ખુબ જ સામાન્ય લક્ષણ છે. લાખો કેસ આવી રહ્યા છે પરંતુ ગણત્રીના લોકોને હોસ્પિટલમાં સારવાર લેવાની જરૂર પડે છે. આ ઉપરાંત ઓક્સિજનની જરૂર પડી હોય તેવા લોકો તો ખુબ જવલ્લે જ જોવા મળે છે. દક્ષિણ આફ્રિકામાં સૌથી પહેલો ઓમિક્રોન વેરિએન્ટનો કેસ સામે આવ્યો છે. જો કે માત્ર ૫૦ દિવસમાં જ દક્ષિણ આફ્રિકાએ આ વેરિયન્ટ પર કાબુ મેળવી લીધો હતો. મહત્વની વાત છે કે, આફ્રિકામાં રસીકરણનું પ્રમાણ ખુબ જ ઓછું છે તેમ છતા પણ આ મોટી સફળતા મેળવી લીધી હતી. ઓમિક્રોનની અસર ફેફસા પર ખુબ જ નહીવત્ત જેવી છે.



દિલ્હીમાં પણ હવે કોરોના નબળો પડી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. દિલ્હીમાં પણ હવે આંકડાઓ પર નજર કરીએ તો કાબુ મેળવાઈ રહ્યો હોવાનું સામે આવી રહ્યો છે. બર્લિનમાં થયેલા એક સંશોધન અનુસાર ઓમિક્રૉનથી ફેફસાને નહીવત્ત નુકસાન થાય છે. તેના લક્ષણો પણ સામાન્ય ફ્લૂ (તાવ-શરદી) જેવા છે. સાઉથ આફ્રિકાનાં વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધનો અનુસાર ઓમિક્રોનથી બનેલી ઈમ્યુનિટી પછી કોઈ પણ

● અનુસંધાન પાન-૭ પર

# નૈનીતાલની એક સ્કૂલમાં ૮૨ વિદ્યાર્થી સંક્રમિત થયા

નૈનીતાલ, તા.૨

ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાંથી ડરામણા સમાચાર આવ્યા છે. નૈનીતાલ જિલ્લાની નવોદય વિદ્યાલયમાં ૮૨ બાળકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જ્યારે કેટલાક બાળકોના રિપોર્ટ આવવાના બાકી છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ શાળાના આચાર્ય સહિત કેટલાક પોઝિટિવ જોવા મળ્યા હતા. જે બાદ ૪૮૮ બાળકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હવે ૮૨ બાળકો કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.

ઉત્તરાખંડમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા સ્વરૂપ ઓમિક્રોનના ચાર નવા કેસ નોંધાયા છે, જેના કારણે રાજ્યમાં સંક્રમિત લોકોની સંખ્યા વધીને આઠ થઈ ગઈ છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૨૭,૫૫૩ નવા કેસ નોંધાયા છે અને ૨૮૪ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧,૨૨,૮૦૧ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૮ ટકાથી વધારે છે. ઓમિક્રોનના કુલ કેસ ૧૫૨૫ થયા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૪૫,૪૪,૧૩,૦૦૫ લોકોનું રસીકરણ થયું છે. જેમાંથી ૨૫,૭૫,૨૨૫ ડોઝ ગઈકાલે આપવામાં આવ્યા હતા.

# પશ્ચિમ બંગાળમાં સોમવારથી શાળા-કોલેજ બંધ કરવા નિર્ણય

**વધુ એક રાજ્યમાં લાગ્યા આકરા પ્રતિબંધો : ઓમિક્રોનની સ્થિતિને જોતા સ્પા, સલૂન, બ્યૂટી પાર્લર, સ્વિમિંગ પૂલ, પક્ષીઘર અને મનોરંજન પાર્ક બંધ રહેશે**

કોલકત્તા, તા.૨

ઓમિક્રોનની સ્થિતિને જોતા પશ્ચિમ બંગાળે સોમવારથી કોરોના વાયરસ બીમારીને સંબંધિત અનેક પ્રતિબંધો લગાવ્યા છે, જે હેઠળ રાજ્યમાં શાળા અને કેલોજે બંધ થશે. આ સિવાય શોપિંગ મોલ, માર્કેટ કોમ્પ્લેક્સ, રેસ્ટોરન્ટ અને બાર પર પણ અનેક પ્રકારના પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. શોપિંગ મોલ, માર્કેટ કોમ્પ્લેક્સ, રેસ્ટોરન્સ અને બાર પોતાની કુલ ક્ષમતાના માત્ર ૫૦ ટકાની સાથે કામ કરશે.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીના નેતૃત્વવાળી તૃણમૂલ કોંગ્રેસ સરકાર તરફથી પ્રતિબંધોની જાહેરાત રવિવારે રાજ્યના મુખ્ય સચિવ એચકે દ્વિવેદીએ કરી હતી. તેમણે આદેશમાં કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં સોમવાર, ૩ જાન્યુઆરી ૨૦૨૨થી બધી શાળા, કોલેજ, વિશ્વ વિદ્યાલય, સ્પા, સલૂન, બ્યૂટી પાર્લર, સ્વિમિંગ પૂલ, પક્ષીઘર અને મનોરંજન પાર્ક બંધ રહેશે. તમામ સરકારી અને ખાનગી ઓફિસ ૫૦ ટકા ક્ષમતા પર કામ કરશે. તમામ વહીવટી બેઠકો ઓનલાઈન આયોજીત થશે. પશ્ચિમ બંગાળમાં સાંજે સાત કલાક સુધી ૫૦ ટકા ક્ષમતા સાથે લોકલ ટ્રેન ચાલશે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે મણિપુર-ત્રિપુરાનો પ્રવાસ

નવી દિલ્હી, તા.૨

આ વર્ષે પાંચ રાજ્યોમાં ચૂંટણી થવાની છે. તેમાં ઉત્તર પૂર્વનું રાજ્ય મણિપુર પણ સામેલ છે. જેમ-જેમ વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે, આ રાજ્યોના લોકો માટે ભેટનો વરસાદ થઈ રહ્યો છે. આ કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચાર જાન્યુઆરીએ મણિપુર અને ત્રિપુરાનો પ્રવાસ કરશે. પ્રધાનમંત્રી ઈમ્ફાલમાં ૪૮૦૦ કરોડ રૂપિયાથી વધુની ૨૨ વિકાસ યોજનાનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે અને અગરતલામાં મહારાજા બીર બિક્રમ એરપોર્ટ પર એકીકૃત ટર્મિનલ ભવનનું ઉદ્‌ઘાટન કરશે. આ જાણકારી પ્રધાનમંત્રી કાર્યાલયે આપી છે.

**પ્રધાનમંત્રી ઇમ્ફાલમાં ૪૮૦૦ કરોડ રૂપિયાથી વધુની ૨૨ વિકાસ યોજનાનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે**

ત્રિપુરાના વરિષ્ઠ અધિકારીઓએ મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રવાસ પહેલા વ્યાપક બેઠક કરી અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. પીએમ મોદી પોતાના પ્રવાસ દરમિયાન મહારાજા બીર બિક્રમ એરપોર્ટના એક ટર્મિનલ ભવનનું ઉદ્‌ઘાટન કરી, રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી યોજનાઓનો શુભારંભ કરી અને એક જનસભાને સંબોધિત કરવાના છે.

# ૨૬ જાન્યુઆરીએ ફરીવાર યોજાશે ટ્રેક્ટર માર્ચ : ટિકૈત

**એમએસપીને લઈને સરકારે કોઈ કમિટી બનાવી નથી, ન તેને લઈને સરકારે કોઈ વાતચીત કરી નથી : ટિકૈત**



નવી દિલ્હી, તા.૨

કિસાન નેતા રાકેશ ટિકૈતે સરકારને ફરી ધમકી આપી છે. ટિકૈતે કહ્યુ કે, ૨૬ જાન્યુઆરીએ કિસાન ફરી દેશમાં અલગ-અલગ જગ્યાઓ પર ટ્રેક્ટર માર્ચ કાઢશે. તેમણે કહ્યું કે, ૧૫ જાન્યુઆરીએ સંયુક્ત કિસાન મોર્ચાની બેઠક થશે.

જાણકારી અનુસાર, રાકેશ ટિકૈતે કહ્યુ કે, એમએસપીને લઈને સરકારે હજુ સુધી કોઈ કમિટી બનાવી નથી, ન તેને લઈને સરકારે કોઈ વાતચીત કરી નથી. તેમણે કહ્યું કે, જો સરકારે તેને લઈને કોઈ વાત ન કરી તો કિસાન તૈયાર છે.

કિસાન આંદોલનને લઈને ટિકૈતે કહ્યુ કે, ૧૫ જાન્યુઆરીએ સંયુક્ત કિસાન મોર્ચાની બેઠક યોજાશે. દિલ્હીની સરહદ પર ૧૩ મહિના સુધી ચાલેલું આંદોલન તો કિસાનોની ટ્રેનિંગ હતી. તેમણે કહ્યું, હવે અમને ખ્યાલ આવી ગયો કે કે સરકાર માંગ નહીં સ્વીકારે તો જાન્યુઆરી અને જૂનમાં કઈ રીતે આંદોલન કરવાનું છે.

કિસાન નેતાએ સરકારને ધમકી ભર્યા અંદાજમાં કહ્યું કે, જો સરકાર નહીં માને તો અમે લાલ કિલ્લા નહીં નવા સંસદ ભવન પહોંચીશું. તેમણે કહ્યું કે, ૨૬ જાન્યુઆરીએ ફરી ટ્રેક્ટર માર્ચ થશે. આ સિવાય ટિકૈતે કહ્યુ કે, આ સરકાર દૂધના ભાવ સસ્તા કરવાને લઈને પણ કોઈ સમજુતી કરવાની છે. અમે તેનો પણ વિરોધ કરીશું.

**શુભેચ્છા**



**શ્રી ચિંતન કાન્તિલાલ ત્રિવેદી**
(એડવોકેટ એન્ડ નોટરી (ટાઈગર) ૯૪૨૮૦૫૦૧૧, ૯૬૬૪૫૮૭૯૯૪

ગાંધીનગર બાર એસોસીએશનના વર્ષ ૨૦૨૨ના ઉપપ્રમુખશ્રી તરીકે અને ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણુંક આપેલ છે. વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ખૂબ ખૂબ પ્રગતિ કરો તેવી અમારા તરફથી હાર્દિક શુભેચ્છા

**શુભેચ્છકશ્રીઓ**

**હિતેશ પુનમભાઈ મકવાણા**
મેયરશ્રી, ગાંધીનગર કોર્પો
**લાલસિંહ જે. ગોહિલ**
પ્રમુખશ્રી, ગાંધી.બાર એસો.
**અમિતસિંહ કે. રાણા**
રાજ ફાયનાન્સ સે.૩, ગાંધીનગર
**કુલીન એસ. પ્રધાન, એડવોકેટ**
(વ્યારા શહેર ભાજપ પ્રમુખ)
**ગજેન્દ્રસિંહ કે. રાઠોડ**
મા.પ્રમુખશ્રી ગાંધી.બાર.એસો.
**હેમલ કે. પટેલ**
**ભાવિક પટેલ**
**નિલેશ રાજન**

**દિપેન કે. દવે**
સભ્યશ્રી તતા મા. ચેરમેનશ્રી, ગુજ.બાર. કાઉન્સિલ
**કરણસિંહ બી. વાઘેલા**
વાઈસ ચેરમેન બાર કાઉન્સિલ ઓફ ગુજરાત
**શંકરસિંહ જે. ગોહિલ**
મા. વાઈસ ચેરમેન, બાર કાઉન્સિલ
**મુકેશ કે. નાયક, એડવોકેટ**
**વિજયસિંહ એ. વાઘેલા**
મા. પ્રમુખશ્રી, ગાંધી.બાર. એસો.
**સલીમ યુ. મોદન**
પ્રમુખશ્રી, ડીસ્ટ્રીક્ટ બાર એસો. ગાંધીનગર

**દેવેન્દ્રસિંહ ચાવડા,** મા. ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી, ગાંધીનગર

